અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૪૧૦ |
| અમદાવાદ | ૧૭૩ |
| ગાંધીનગર | ૪૦ |


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૦ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૦, શનિવાર; અ. આસો સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ગલવાનમાં સૈનિકો ગુમાવ્યાનું અંતે ચીને સ્વીકાર્યું

**ગલવાન ખીણમાં ચીની સેનાને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું : ૧૫ જૂનની રાત્રે ગલવાન ખીણમાં ભારત અને ચીનની સેના વચ્ચે થયેલા હિંસક ઘર્ષણ બાદ બંને દેશો વચ્ચે તણાવ હવે ચરમ પર પહોંચી ગયો છે**

નવી દિલ્હી, તા.૧૬

બીજિંગઃ પૂર્વ લદાખ માં છેલ્લા અનેક મહિનાઓથી ભારત અને ચીનની વચ્ચે સરહદ વિવાદ ચાલી રહ્યો છે. ૧૫ જૂનની રાત્રે ગલવાન ઘાટીમાં ભારત અને ચીનની સેના વચ્ચે થયેલા હિંસક ઘર્ષદ બાદ બંને દેશો વચ્ચે તણાવ ચરમ પર પહોંચી ગયો છે. બંને દેશોની વચ્ચે ચાલી રહેલા ઘર્ષણની વચ્ચે પહેલીવાર ચીને સ્વીકાર્યું છે કે ગલવાન ઘાટીમાં થયેલા હિંસક ઘર્ષણમાં તેના સૈનિકોનાં પણ મોત થયા હતા. આ પહેલા ચીન હંમેશાથી આ વાતને નકારતું રહ્યું છે. ચીનના અખબાર ગ્લોબલ ટાઈમ્સએ આ વાતની જાણકારી આપી છે કે ગલવાન ઘાટીમાં ચીનની સેનાને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું અને અનેક જવાનોના મોત થયા હતા.

ગ્લોબલ ટાઈમ્સના એડિટર ઈન ચીફ હૂ ઝિજિને રક્ષા મંત્રી રાજનાથ સિંહના એક નિવેદનને ટ્વિટ કરીને લખ્યું કે, જ્યાં સુધી મારી પાસે જાણકારી છે ગલવાન ઘાટીમાં ભારત અને ચીનની સેના વચ્ચે થયેલા ઘર્ષણમાં ચીની સૈનિકોના મોતનો આંકડો ભારતના ૨૦ જવાનોથી ઓછો હતો. આટલું જ નહીં ભારતે કોઈ પણ ચીની સૈનિકને બંધક નહોતો બનાવ્યો પરંતુ ચીને ભારતના સૈનિકોને બંધક બનાવી લીધા હતા. ગ્લોબલ ટાઈમ્સ ચીનની પીપલ્ડ ડેઈલીનું અંગ્રેજી અખબાર છે જે ચીનની સત્તાધારી પાર્ટી ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીનું જ પબ્લિકેશન છે. નોંધનીય છે કે, ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે રાજ્યસભામાં ચીન સાથે ચાલી રહેલા સરહદ વિવાદ પર પોતાની વાત રજૂ કરી હતી. રાજનાથ સિંહે કહ્યું હતું કે ભારત તમામ નિયમો અને સમજૂતીનું ધ્યાન રાખીને સરહદની સુરક્ષા કરી રહ્યું છે પરંતુ ચીન તરફથી વારંવાર સમજૂતીનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે રાજ્યસભામાં ચીન સાથે ચાલી રહેલા વિવાદ પર જવાબ આપતાં કહ્યું કે લદાખમાં સ્થિતિ ગંભીર છે પરંતુ ભારતીય સેના દરેક પરિસ્થિતિ માટે તૈયાર છે. બીજી તરફ, ગલવાન ઘાટીના ઘર્ષણ પર તેઓએ કહ્યું કે ચીનના કૃત્યના કારણે ભારતના ૨૦ જવાન શહીદ થયા હતા, પરંતુ તે જવાનોએ ચીનને જડબાતોડ જવાબ આપ્યો. ગ્લોબલ ટાઈમ્સના સંપાદક હુ શિઝિન, જેણે ચીની સૈનિકોના મોત અંગે મૌન વ્યક્ત કર્યું હતું, દાવો કર્યો હતો કે હિંસામાં ભારતના ઓછા ચીની સૈનિકો મૃત્યુ પામ્યા છે. અગાઉ રાજનાથસિંહે કહ્યું હતું કે ભારતીય સૈનિકોએ ગાલવાન ખીણમાં ચીનને તોડ્યું હતું અને મોટી સંખ્યામાં ચીની સૈનિકોને માર્યા ગયા હતા. ગ્લોબલ ટાઈમ્સના સંપાદકે કહ્યું, 'જ્યાં

● અનુસંધાન પાના - ૭ પર

## ગૂગલે પે ટીએમ ઉપરનો પ્રતિબંધ પાછો ખેંચી લીધો

નવી દિલ્હી, તા. ૧૮

ગૂગલ પ્લે સ્ટોર પરથી જાણીતી પેમેન્ટ સર્વિસ એપ પેટીએમને હટાવી દેવામાં આવી છે. નિયમોના ઉલ્લંઘન બદલ પીટીએમ સામે ગૂગલે કડક કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે. જો કે, એ પછી મોડી સાંજે પેટીએમ દ્વારા જરૂરી સ્પષ્ટતાઓ કરવામાં આવતા ગુગલે પ્રતિબંધ પરત ખેંચ્યો હતો. ભારતના સૌથી સફળ સ્ટાર્ટ અપ પૈકીના એક એવા પેટીએમના પ્રતિ માસ પાંચ કરોડ સક્રિય વપરાશકર્તા છે. પેટીએમ એપ ગૂગલની પેમેન્ટ સેવા ગૂગલ પેને પણ જબરજસ્ત ટક્કર આપી રહી છે.

# કૃષિ બિલ અંગે વિપક્ષો અફવા ફેલાવે છે : મોદી


નવી દિલ્હી, તા. ૧૮

સંસદમાં રજૂ થયેલા કૃષિ બિલના પગલે એનડીએની અંદર જ સંગ્રામ છેડાયો છે. આ બિલના બિલ સામે વિરોધ અને આંદોલન શરૂ કર્યું છે. દિલ્હીમાં પંજાબ અને હરિયાણાના હજારો ખેડૂતો ઉતરી પડ્યા છે. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બિલને પાસ કરવા માટે મક્કમ છે. ઉલટાનું તેમણે અકાલી દળ અને કોંગ્રેસ પર પ્રહારો કરીને કહ્યું હતું કે, બિલનો વિરોધ કરનારા લોકો લઘુત્તમ ટેકાના ભાવ અને સરકારી ખરીદીની વ્યવસ્થા ખતમ થઈ જશે તેવી અફવા ફેલાવી રહ્યા છે અને ખેડૂતોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

**આ ખરડાઓ ખેડૂતો માટે રક્ષા કવચ સમાન, વિપક્ષ ભ્રમ ફેલાવી રહી છે, એમએસપી યથાવત્ રહેશે, વિરોધ કરનારા ચૂંટણી વાયદા ભૂલી ગયા, ૨૧મી સદીનો ખેડૂત બંધનોમાં નહીં, ખૂલીને ખેતી કરશે, વચેટીયાઓથી બચાવવા માટે લાવવામાં આવ્યું કૃષિ બિલ : ખેડૂત અને ગ્રાહક વચ્ચે જે વચેટિયાઓ હોય છે તે ખેડૂતોની કમાણીનો મોટો હિસ્સો પોતે લઈ લે છે, આ બિલોના આવવાથી આવું નહીં થાય**

વિરોધમાં અકાલી દળના નેતા અને મોદી સરકારમાં મંત્રી હરસિમરત કૌરે મંત્રી મંડળમાંથી રાજીનામું આપી દીધું છે તો સમગ્ર દેશમાં ખેડૂતોએ સરકારના આ

તેમણે કહ્યું હતું કે, બિલના કારણે ખેડૂતો અને ગ્રાહકો વચ્ચેના વચેટિયાઓ ખતમ થઈ જશે, જેનો સીધો ફાયદો ખેડૂતોને થશે પણ કેટલાક લોકોને ખાલી વિરોધ જ કરવો છે એટલે બિલનો વિરોધ કરી રહ્યા છે. બિહારમાં કોસીમાં રેલવે પુલના ઉદઘાટન પ્રસંગે મોદીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે, આ બિલના કારણે ખેડૂતોને અનેક બંધનોથી મુક્તિ મળી છે.ખેડૂતોને પોતાની ખેત પેદાશો વેચવા માટે વધારે વિકલ્પ મળશે અને તેમની આવક વધશે.ખેડૂતોને લલચાવવા માટે ચૂંટણી સમયે મોટા મોટા વાયદા કરનારા વિરોધ પક્ષો ચૂંટણી બાદ આ વાયદા ભુલી જતા હતા. હવે જ્યારે કેન્દ્ર સરકાર ખેડૂતો માટે



● અનુસંધાન પાના - ૭ પર

## હરસિમરત કૌરનું રાજીનામું રાષ્ટ્રપતિ કોવિંદે મંજૂર કર્યું

નવી દિલ્હી, તા. ૧૮

સંસદમાં રજૂ કરાયેલા કૃષિ સંબંધિત બિલોના વિરોધમાં શિરોમણિ અકાલી દળના નેતા અને કેન્દ્રીય મંત્રી હરસિમરત કૌરે નરેન્દ્ર મોદી સરકારમાંથી રાજીનામું આપી દીધું હતું.

ખેત બિલોના વિરોધમાં મોદી કેબિનેટમાંથી રાજીનામું આપનાર શિરોમણી અકાળી દળના સાંસદ હરસિમરત કૌરના રાજીનામાને વડાપ્રધાનની ભલામણ પર રાષ્ટ્રપતિએ મંજૂરી આપી દીધી છે. તેઓ મોદી કેબિનેટમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી હતા. મોદી સરકારમાં આ પહેલું રાજીનામું છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૦૪૪૪૮૦૦ | ૯૫૧૬૦૬ | ૨૨૧૪૧૫૫૮ |
| ભારત | ૫૨૪૭૬૨૭ | ૮૪૭૧૭ | ૪૧૪૩૨૪૭ |
| ગુજરાત | ૧૨૦૪૯૮ | ૩૨૮૯ | ૧૦૧૨૦૧ |
| ગાંધીનગર | ૨૧૩૬ | ૧૬૩ | ૨૫૩૬ |

# દેશમાં કોરોનાના નવા ૯૬,૪૨૪ કેસ

**સંક્રમિતોનો આકંડો ૫૨,૧૪,૬૭૭ સુધી પહોંચ્યો, એક્ટિવ કેસ ૧૦,૧૭,૭૫૪ : એક જ દિવસમાં ૮૭ હજારથી વધુ લોકો કોરોનાથી સ્વસ્થ થયા, ૨૪ કલાકમાં ૧,૧૭૪ના મોત : મૃત્યુઆંક ૮૪૩૭૨એ પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના વાઈરસ હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૨ લાખને પાર પહોંચી ચૂકી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૯૬,૪૨૪ નવા પોઝિટિવ કેસો સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૧૧૭૪ કોરોના દર્દીઓએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, નવા કેસ ઉમેરાવા સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૫૨,૧૪,૬૭૭ પર પહોંચી ચૂકી છે. જ્યારે અત્યાર સુધીમાં કોરોનાના કારણે ૮૪,૩૭૨ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ દેશમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧૦,૧૭,૭૫૪ પર પહોંચી ચૂકી છે.

જો કે રાહતની વાત છે કે, દેશમાં સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા એક્ટિવ કેસ કરતાં ચાર ગણી વધારે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૭,૭૭૮ લોકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. આ સાથે જ અત્યાર સુધી કુલ ૪૧,૧૨,૫૫૨ દર્દીઓ કોરોનાની સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપી દેવામાં આવી છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજકોટમાં આજથી ૧૪૪ની કલમ લાગુ
- ભીડવાળાં સ્ટેશનો પર વસૂલાશે યુઝર ચાર્જ, રેલવે ટિકિટ થશે મોંઘી
- દુબઈ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટને ૧૫ દિવસ માટે સસ્પેન્ડ કરાઈ
- બિહારના કિશનગંજમાં ઉદ્ઘાટન પહેલાં જ આખો પુલ પાણીમાં તણાઈ ગયો..!
- પાકિસ્તાન સરકારે પૂર્વ પીએમ નવાઝ શરીફની ધરપકડ માટે વોરન્ટ જાહેર કર્યું

# આજથી આઈપીએલનો પ્રારંભ

**મેચ ભારતીય સમયાનુસાર ૭.૩૦ કલાકથી શરૂ થશે : : મુંબઇ-ચેન્નાઇ વચ્ચે મુકાબલો**

આબુધાબી,તા.૧૮

આવતીકાલથી ભારતીય ક્રિકેટ બોર્ડની પ્રતિષ્ઠીત ઈન્ડિયન પ્રીમીયર લીગની ૧૩મી સિઝનનો યુએઇ ખાતે પ્રારંભ થઇ રહ્યો છે. દુનિયાભરમાં ઝડપથી ફેલાઇ રહેલા કોવિડ-૧૯ મહામારી વચ્ચે યોજાનારી આઈપીએલ ટુર્નામેન્ટ અગાઉની ટુર્નામેન્ટ કરતા ઘણી અલગ પ્રકારની હશે. આવતીકાલે આ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે જેમાં પ્રથમ મુકાબલો મુંબઇ વિરૂધ્ધ ચેન્નઇ વચ્ચે રમાશે.

ગ્લેમરસ આઈપીએલ ટુર્નામેન્ટની આ સિઝન ફેન્સ અને ચિયરલિડર્સ વગર રમાશે. આ ટુર્નામેન્ટ ખાલી સ્ટેડીયમમાં રમાડવામાં આવશે. આવતીકાલે પ્રથમ મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની માર્ચ-૨૦૧૯ બાદ પહેલીવાર મેદાનમાં ઉતરશે.

આઈપીએલ યુએઇના ત્રણ શહેરો દુબઇ, અબુધાબી અને શારજાહમાં યોજાશે. ઉદ્ઘાટન સમારોહ ભારતીય સમય અનુસાર સાંજે ૭.૩૦ કલાકથી શરૂ થશે.

ક્રિકેટ રસિકોમાં આવતીકાલથી આઈપીએલની ફિવર છવાઇ જશે. અત્રે નોંધનિય છે કે પહેલા માર્ચમાં આ ટુર્નામેન્ટ યોજાવાની હતી પરંતુ કોરોનાને કારણે પાછી ઠેલવામાં આવી છે અને હવે તે યુએઇમાં યોજાઇ રહી છે. આ ટુર્નામેન્ટ ટ્વેન્ટી ટવેન્ટી હોય મેદાન પર ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલશે.

## તમામ ૮ ટીમના માત્ર ૧૭ ખેલાડીઓ સ્ટેડિયમમાં જશે

નવી દિલ્હી,તા.૧૮

પહેલીવાર આઈપીએલના ઈતિહાસમાં આવું થશે કે ટીમના તમામ ખેલાડીઓ હોટલથી સ્ટેડિયમમાં નહીં જાય, પરંતુ માત્ર સિલેક્ટેડ ખેલાડીઓને જ ટીમ સાથે સ્ટેડિયમ સુધી જવાની મંજૂરી હશે. કોરોના વાયરસની મહામારીને જોતા બીસીસીઆઈ અને આઈપીએલ કમેટીને તમામ નિયમોનું પાલન કરવું પડી રહ્યું છે. જેનાથી સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી શકાય. નવી જાણકારી મુજબ, આઈપીએલ ટીમ જ્યારે યુએઈમાં મેચો રમવા માટે હોટલથી સ્ટેડિયમ જશે તો તેમની સાથે તેટલા લોકો જ જઈ શકશે જેઓ હોટલના બાયો-બબલમાં સામેલ હશે. આ લોકોમાં બે વેઈટર્સ પણ હશે. દરેક ટીમ બે બસોમાં ટ્રાવેલ કરશે. ભારતમાં ટીમ એક જ બસમાં ટ્રાવેલ કરતી હતી, પરંતુ કોરોનાના કારણે તેમાં ફેરફાર કરવો પડ્યો છે. મેચમાં જે અધિકારીઓ સામેલ હશે તેમને પણ બાયો-બબલમાં રહેવાનું રહેશે. બે બસોમાં માત્ર ૧૭ ખેલાડીઓ અને ૧૨ સપોર્ટ/કોચિંગ સ્ટાફના સદસ્યો હશે.

## વૈજ્ઞાનિકોને કોરોનાનો ખાત્મો કરતા એન્ટિબોડીઝ મળ્યા

**આ ડ્રગનું નામ એબીટ છે : ડ્રગ કોરોનાને શરીરની કોશિકાઓ સાથે જોડવા નહિ દે તેમજ તેની કોઈ પણ આડઅસર હાલ જોવા મળી નથી**

કેનેડા,તા.૧૮

કેનેડાના સંશોધકોએ કોરોનાવાઈરસનો સંપૂર્ણ રીતે નાશ કરતા એક મોલીક્યુલની શોધ કરી છે. તેનું કદ સામાન્ય એન્ટિબોડી કરતાં ૧૦ ગણું નાનું છે. આ ડ્રગનું નામ એબીટ૮ છે. તેનો ઉપયોગ કોરોનાની સારવારમાં કરી શકાય છે. રિસર્ચ કરનાર કેનેડાની બ્રિટિશ કોલમ્બિયા યુનિવર્સિટીના સંશોધકોનું કહેવું છે કે, આ ડ્રગ કોરોનાને શરીરની કોશિકાઓ સાથે જોડવા નહિ દે અને તેની કોઈ

● અનુસંધાન પાના - ૭ પર

# વડાપ્રધાન સહિત અતિ સંવેદનશીલ માહિતી ધરાવતા NICના ૧૦૦ કમ્પ્યૂટર હેક

ન્યુ દિલ્હી,તા.૧૮

ચીન દ્વારા થતી સાયબર જાસુસીના અહેવાલો પછી હવે વધુ ગંભીર ઘટસ્ફોટ સામે આવ્યો છે. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)ના ૧૦૦ જેટલાં કમ્પ્યૂટર્સમાં હેકર્સે ઘુસણખોરી કરીને અતિ સંવેદનશીલ ડેટા તફડાવ્યો હોવાની આશંકા ઊભી થઈ છે. દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલે આ ઘટનામાં સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે NICના ડેટાબેઝમાં વડાપ્રધાન સંબંધિત ગોપનિય વિગતો ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત સંવેદનશીલ માહિતીઓ પણ સચવાતી હોય છે. આથી હેકિંગની આ ઘટનાને બેહદ ગંભીર ગણવામાં આવે છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ, NICના કર્મચારીઓને એક મેઈલ મોકલવામાં આવ્યો હતો. એ મેઈલમાં મોકલાયેલી લિંક પર જેમણે ક્લિક કર્યું એ દરેકના કમ્પ્યૂટરનો ડેટા ગાયબ થઈ ગયો હતો. સાયબર એટેકનો ભોગ બનેલા ૧૦૦ જેટલાં કમ્પ્યૂટર્સ ડ્રૈંઝ ઉપરાંત IT મંત્રાલય સાથે સંબંધિત હતા.

NICની સત્તાવાર ફરિયાદ બાદ દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલેં એક્ટ અંતર્ગત ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. હાલ અલબત્ત, પોલીસ તરફથી કશી વિગતો જાહેર કરવામાં આવી નથી પરંતુ આધારભૂત સૂત્રોના દાવા પ્રમાણે બેંગ્લુરુમાં એક અમેરિકન કંપની તરફથી મેઈલ મોકલીને હેકિંગ કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે.


3BHK FLAT SELLING
Near Raxa Circle. opp. NID.
175 yd built - up area.
East - West facing.
100% wind direction.
90% fully furnish. @60 LK
Call : 8511568737

